# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-05-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

**(CLOSING MUSIC)**

# NEW 300 ST BUS

રાજ્યમાં આવતીકાલથી 300 નવી ST બસ દોડાવાશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગરથી આ જાહેરાત કરતા કહ્યું, કોઈ પણ સમારોહ વગર સીધા જ બસ ડેપો પરથી આ ST નો પ્રારંભ કરાશે. રાજ્ય સરકાર પેટ્રોલ-ડીઝલ બચાવવા કટિબદ્ધ હોવાનું જણાવતા શ્રી સંઘવીએ કહ્યું, ઈંધણ બચાવવાની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અપીલને લોકોનું ભારે સમર્થન મળી રહ્યું છે.

**(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)**

શ્રી સંઘવીએ વધુમાં કહ્યું, સરકારી કર્મચારીઓને કોઈ પણ બેઠક માટે ગાંધીનગર નહીં બોલાવાય. તમામ બેઠક વર્ચ્યૂઅલ માધ્યમથી કરવા સૂચના અપાઈ છે.

# CABINET MEETING DECISIONS

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં પ્રધાનમંત્રીએ કરેલી અપીલ અંગે ચર્ચા કરવામાં આવી. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, તમામ મંત્રીઓ અને વિભાગોને બિનજરૂરી ખર્ચ ન થાય તેની સમીક્ષા કરવા સૂચના અપાઈ છે.

આ સાથે જ તમામ વિભાગોને વિકાસના અને દરરોજના કામમાં અસર ન થાય તે રીતે પાર્શિયલ વર્ક ફ્રોમ હોમ એટલે કે, કેટલાક દિવસ ઘરેથી કામ કરવા અંગે વિચારણા માટે સમીક્ષા કરવા તેમજ અધિકારીઓને કાર પૂલિંગ એટલે કે, એક જ વાહનનો સંયુક્ત ઉપયોગ કરવા સૂચના અપાઈ છે.

# CM CONVOY DECREASE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના કાફલામાં ફરી ઘટાડો કર્યો છે. તેઓ આજે માત્ર ત્રણ ગાડીઓ સાથે ગાંધીનગરમાં રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં પહોંચ્યા. જ્યારે પ્રવિણ માળી, ડૉક્ટર પ્રદ્યુમન વાજા, સંજયસિંહ મહિડા સહિતના મંત્રીઓ પણ ઇલેક્ટ્રિક વાહન સાથે ગાંધીનગર પહોંચ્યા હતા.

# DAMAN MP CYCLE YATRA

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દીવના સાંસદ ઉમેશ પટેલે ઈંધણ બચત અને પર્યાવરણ જાગૃતિ માટે સાયકલ યાત્રા શરૂ કરી છે. તેઓ ઘરેથી ઓફિસ જવા સાયકલનો ઉપયોગ કરી રહ્યા છે. તેમણે વૈશ્વિક ઇંધણ સંકટનો સામનો કરવા દરેક નાગરિકને યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

# VAGHANI FOREIGN VISIT CANCEL

કૃષિ અને સહકાર મંત્રી જિતુ વાઘાણીએ આ મહિનાનો તેમનો અમેરિકા પ્રવાસ રદ કર્યો. પ્રધાનમંત્રીએ ઈંધણ બચાવવા અને વિદેશ પ્રવાસ ટાળવા સહિતની કરેલી અપીલને ધ્યાને રાખી શ્રી વાઘાણીએ તેમનો પ્રવાસ રદ કર્યો હોવાનું સત્તાવાર યાદીમાં જણાવ્યું છે.

શ્રી વાઘાણીએ આ મહિનાના છેલ્લા અઠવાડિયામાં ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રના મુખ્યમથક ખાતે સહકારી નાણાકીય સંસ્થાઓ પર આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં વિશેષ વક્તા તરીકે ઉપસ્થિત રહેવાના હતા.

# NEET EXAM DATE

દેશભરમાં નીટની ફરી પરીક્ષા આગામી 21 જૂને યોજાશે. રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા – N.T.A.-એ નવી તારીખની જાહેરાત કરતા સોશિયલ મીડિયા સંદેશમાં ઉમેદવારો અને વાલીઓને માત્ર NTAના સત્તાવાર સ્ત્રોત પર જ વિશ્વાસ કરવા અનુરોધ કર્યો છે.

અગાઉ ત્રીજી મેએ લેવાયેલી નીટ પરીક્ષા કથિત ગેરીરિતિના કારણોસર રદ કરવામાં આવી હતી. આ અંગે કેન્દ્રીય તપાસ સંસ્થા C.B.I. દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

# WEATHER UPDATE

રાજ્યમાં આગામી 48 કલાક ગરમીનો પ્રકોપ યથાવત્ રહેવાની શક્યતા છે. ત્યારબાદ તાપમાન 2 થી 3 ડિગ્રી સેલ્સિયસ ઘટી શકે છે. દરમિયાન હવામાન વિભાગે આજે કચ્છ, ભાવનગર, ગીરસોમનાથ, દીવ અને દેવભૂમિદ્વારકામાં ગરમીનું યલો અલર્ટ જાહેર કરાયું છે.

બીજી તરફ, અરવલ્લીમાં સરેરાશ તાપમાન 42થી 44 ડિગ્રી સૅલ્સિયસને પાર પહોંચતા લોકોને હાલાકીનો સામનો કરી રહ્યા છે. આરોગ્ય વિભાગે પણ લોકોને સાવચેત રહેવા અપીલ કરી હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જયેશ પરમારે જણાવ્યું.

**(BYTE: JAYESH PARMAR, CDHO, ARAVALLI)**

# WATER CAMPAIGN MEHSANA

મહેસાણા જિલ્લા કલેકટર કચેરીમાં સુજલામ્ સુફલામ્ જળ અભિયાન અંતર્ગત સમીક્ષા બેઠક યોજાઇ. તેમાં ચોમાસા પૂર્વે જળ સંચયના મહત્તમ કામ સમયમર્યાદામાં પૂર્ણ થાય, તળાવો ઊંડા કરવા, ચેકડેમનું સમારકામ અને સફાઈ, નહેરોની સફાઈ તેમજ ખેત તલાવડી જેવા જળસંગ્રહના પ્રકલ્પોને અગ્રતાના ધોરણે પૂર્ણ કરવા સૂચના અપાઈ.